કિંમત ફૂલની નથી, એમાં રહેલી સુવાસની છે. સુવાસ ચાલી જાય તો ફૂલની કિંમત પણ શું છે?

– ચિત્રભાનુ

દિવ્યદીપ

દુર્વાસ

એક મસ્જિદના હોજમાં રાતના કુરકુરિયું મરી ગયું. સવારે નમાજ પડવા આવેલા ભાઇઓને હોજના પાણીમાં બાસ આવતાં કાજીને વાત કરી. એમણે કહ્યું: “હોજનું પાણી કાઢી નાખો.” મજૂરો ડોલ લઈ મંડી પડ્યા. પણ એક ખૂણામાં ભરાઇ ગયેલું મડદું તો ત્યાં જ રહ્યું. ફરી નવા પાણીથી હોજ ભર્યો પણ દુર્વાસ તો ચાલુ જ હતી.

વિદ્વાન કાજીએ હસીને કહ્યું: “ભલા, હોજ તો ખાલી કર્યો પણ જેનાથી બાસ આવતી હતી તે તળિયેથી કાઢયું કે નહિ? તળિયે મડદું પડ્યું જ હશે તો પાણી ઉલેચે શું વળે?”

આ વાત આપણા જીવનને કેવી લાગુ પડે છે? આપણે સૌ ક્રિયા-કાંડનાં, વિધિ-વિધાનનાં, પૂજા પાઠનાં, મંત્ર-તંત્રનાં, જપ-તપનાં પાણી તો ખૂબ ઉલેચીએ છીએ પણ મનના તળિયે જે રાગ-દ્વેષનું, લોભ-તૃષ્ણાનું, ક્રોધ-માનનું, ઈર્ષા-અદેખાઇનું, નિન્દા-ચુગલીનું ગંધાતું મડદું પડ્યું છે તેને તો કાઢીને બહાર ફેંકતા જ નથી. જ્યાં સુધી દુર્ગુણ રૂપી મડદું અંદર છે ત્યાં સુધી આપણી ક્રિયાનાં પાણી નિર્મળ અને સ્વચ્છ કેમ થાય?

– ચિત્રભાનુ

વર્ષ : ૭
અંક : ૪
ઓકટોબર

આનન્દ તરતો હતો

સૌનું મુકિતના માર્ગે પ્રયાણ છે, પણ દરેકની પગદંડીઓ ભિન્ન છે. કો'કને શરીરને વશ કરવું છે તો કો'કને મનથી શરુઆત કરવી છે, કો'કને જ્ઞાનનો ખજાનો લૂંટવો છે તો કો'કને ધનનો ખજાનો લૂંટાવી દેવો છે. લેવું છે, દેવું છે અને ધ્યેય પ્રતિ પ્રયાણ કરવું છે.

શનિવાર તા. ૨૯–૮–૭૦થી પર્વ બેઠાં અને થાણામાં ઉલ્લાસ અને આનંદનું મોજું ફરી વળ્યું. માનવપ્રવાહ વધતો ગયો પણ જેનું અંતર વિશાળ છે એવો થાણાનો શ્રી સંઘ સહુને સમાવી શકયો. સંપ હતો, શાંતિ હતી, પ્રેમભર્યું મીઠું વાતાવરણ હતું.

શ્રોતાજનોના વર્ગમાં વિવિધતા હતી. બાળકો હતાં, યુવાન હતાં અને વૃદ્ધો પણ હતાં. જૈન હતાં અને જૈનેતરો પણ હતાં. પર્યુષણ પર્વ એ માત્ર જૈનોનું જ પર્વ ન રહેતાં સાધક આત્માઓને પ્રગતિ કરવાનું ઉત્તમ નિમિત્ત બની ચૂકયું.

જેણે કદી મહાવીરનું નામ પણ સાંભળ્યું નહોતું એવા કુમળા જૈનેતર હૃદયમાં અઠ્ઠાઇ કરવાનો સંકલ્પ ઉદ્ભવ્યો. આત્મબળ હતું અને પૂ. ગુરુદેવની પ્રેરણા હતી તેથી ચોરાસી અઠ્ઠાઇ-વાળા ભાઇબહેનોને અપૂર્વ સુવિધા રહી.

મુંબઇથી ભકતો પર્યુષણ પર્વ ઊજવવા થાણા આવી રહ્યા છે તેની જાણ થતાં શ્રી થાણા સંઘે સુંદર વ્યવસ્થા કરી અને ભાવભર્યો સત્કાર પણ કર્યો.

કલ્પસૂત્ર વહોરાવવાનો લાભ થાણાના શા. ભીકમચંદજી હંસાજીએ લીધો અને પ્રાથમિક ભૂમિકાના કર્તવ્યો સમજાવી પૂ. ગુરુદેવે કલ્પ-સૂત્રનું વાચન શરુ કર્યું.

ગુરુવાર તા. ૩–૯–૭૦ પૂ. ગુરુદેવના મુખેથી ગણધરવાદ સાંભળવા મુંબઈ તથા આસપાસથી શ્રોતાવર્ગ એક વાગતાં પહેલાં જ આવી ગયો. અઢીના ટકોરે ઊભરાતી માનવમેદની વચ્ચેથી પૂ. ગુરુદેવ પધાર્યા અને ઉત્સુક આત્માઓ એક ચિત્તે જ્ઞાનપાન કરવા તૈયાર થયા. હજારો માણસોએ શાંતિપૂર્વક ગણધરવાદ સાંભળ્યો. સાંભળ્યો એટલું જ નહિ પણ પૂ. ગુરુદેવનું સરળ છતાં સચોટ તત્ત્વજ્ઞાનનું શ્રવણ કરતાં કેટલાયના કઠિન કોયડા ઊકલી ગયા, અને શ્રી ગૌતમનો વિલાપ સાંભળતાં તો હૃદયો દ્રવી ગયાં. એકની વિચારણામાં અનેક ખોવાઇ ગયા.

બારસા સૂત્રને વહોરાવવાનો લાભ શ્રી હરગોવિંદદાસ રામજીના કુટુંબીઓએ લીધો. બારસાસૂત્રનાં વાંચન પછી ક્ષમાપનાનું માહાત્મ્ય સમજાવતાં પૂ. ગુરુદેવે જણાવ્યું :

બધી જ ક્રિયાઓનું અમૃત ખમતખામણાં છે–ક્ષમા માગવી અને ક્ષમા આપવી.

આત્મા ઉપર કષાયોનો મેલ લાગવાથી બીજાઓ પ્રત્યે દ્વેષ થાય છે, ખરાબ બોલવાનું મન પણ થાય. બીજાના દોષ જોવા અને ધોવાનું કામ તમે શું કરવા કરો છો? તમારામાં કયાં ઓછી ત્રુટીઓ છે કે તમે બીજાની શોધવા નીકળ્યા ?

વસ્તુ માત્ર પર છે. કોઇ વસ્તુ કોઇની નથી. ન ઘર તમારું છે, ન ઉપાશ્રય તમારો છે. ધર્મની ક્રિયામાં મારું–તારું ન કરશો. આપણે જ આપણા નથી તો બીજું શું આપણું છે?

ભગવાન કદી હક્ક જમાવનારાના થયા નથી. તમારા હક્ક તમારા ઘરમાં ન ચાલે તો ભગવાન

(અનુસંધાન કવર પેજ ૪ ઉપર)

❋ આંતર વૈભવ ❋

નોંધ : પૂ. મુનિશ્રી ચિત્રભાનુ મહારાજશ્રીએ રોક્ષી થિયેટરમાં (તા. ૨૯-૯-૬૮) આપેલું પ્રવચન

પ્રેમ, પ્રજ્ઞા અને ઈચ્છા – શકિતઆ ત્રણેનો વિકાસ એજ તો માનવના આંતરવૈભવનો વિકાસ છે. આમાં જેમ જેમ ક્ષીણતા આવતી જાય છે તેમ તેમ મનુષ્ય નાનો અને સામાન્ય બનતો જાય છે.

વિકસિત પ્રજ્ઞાનું તત્ત્વ મનુષ્યને પોતાના કેન્દ્ર તરફ લઈ જાય છે. કેન્દ્ર સાથેનો સંબંધ મનુષ્યના વ્યકિતત્વને અખંડ બનાવે છે. વ્યક્તિત્વનાં જેટલાં જેટલાં પાસાં છે એ બધાં ય ધીરે ધીરે એકરૂપ બનતાં જાય છે.

પણ કેન્દ્ર સાથેનો સંબંધ તૂટતાં તો વ્યકિતત્વના એટલા બધા ખંડ બની જાય છે કે મનુષ્ય પોતેજ પોતાનામાં split personality ખંડાત્મક વ્યકિતત્વનો અનુભવ કરતો થઇ જાય છે. વ્યકિતનું વિભાજન થતાં માણસ થાકી જાય છે.

આ થાકમાંથી મુકત થવા માટે કેન્દ્ર સાથેનો સંબંધ દૃઢ કરવાનો છે. પોતાનામાં પોતાની શકિતનો અનુભવ કરવાનો છે. અંદર જ પરિવર્તન લાવવાનું છે.

ઘણા માણસોમાં બહારનાં પરિવર્તનો દેખાશે પણ અંદરની સ્થિતિ તો છે એવીને એવી જ પ્રમાદપૂર્ણ રહે છે. અંદરની સ્થિતિ ન પલટાય તો બહાર એ ભકત હોવા છતાં, પૂજક અને પૂજારી હોવા છતાં એના જીવનમાં જે આનંદનો ઉભરો આવવો જોઇએ, પ્રસન્નતાનું વાતાવરણ પ્રસરવું જોઇએ તે ન પ્રસરે.

બહારનું પરિવર્તન તરત દેખાશે પણ અંદરનું પરિવર્તન જલ્દી નહિ દેખાય. અંદરનું પરિવર્તન જો નહિ થયેલું હોય તો બહારનું પરિવર્તન લાંબા કાળ સુધી નહિ જીવે. જરાક પ્રસંગ મળતાં, જરાક નિમિત્ત મળતાં તે એકદમ બદલાઈ જશે.

Norman Pill જ્યારે અમેરિકામાં હતો ત્યારે ત્યાં એક પ્રસંગ બનેલો. એનો મિત્ર અમેરિકામાં મોટી હોટેલ ચલાવતો હતો. એકવાર એની હોટેલમાં હજામોના પ્રતિનિધિઓનું સમૂહ-ભોજન banquet હતું. મોટામાં મોટી મિજલસ grand party રાખવામાં આવેલી.

હજામો સમાજને કેટલા ઉપયોગી છે અને સમાજ માટે શું શું કરી શકે તેની સમાજને જાણ કરવી જરૂરી છે એમ વિચારી તેમણે ત્યાંના જાહેર ખબરની સંસ્થાના પ્રતિનિધિને (advertising agent)ને બોલાવ્યા અને કહ્યું કે અમારી આ મોટી પાર્ટીનો પ્રચાર થાય અને લોકોને અમારા કાર્યનો ખ્યાલ આવે એવું કાંઇ કરો.

આ બુદ્ધિશાળી માણસ ત્યાંના ગંદા વિભાગમાં slum area માં ગયો, ખુલ્લી ગટરોની બાજુમાં એક ખૂણામાં દારૂ પીને પડેલા માણસને એમણે જોયો. એના કપડાં ફાટેલા હતાં, દાઢી મૂછ ખૂબ વધી જતાં એનું મોં વિકૃત લાગતું હતું, એની આંખો ઘૂમરીઓ લઇ રહી હતી. એને ઉઠાડીને પૂછયું : "તારે શું જોઈએ છે?" કહ્યું : "દારૂની બે બાટલી જોઈએ છે." "ચાલ, હું તને બે બાટલી આપું પણ એક શરત. હું કહું તેમ તારે કરવું પડશે."

દારૂડિયો તરત તૈયાર થઈ ગયો. પહેલાં એનો ફોટો લેવડાવ્યો, ત્યારબાદ એને હજામ પાસે લઈ જઇને સાફ હજામત કરાવી, વધી ગયેલા વાળ કપાવ્યા, શરીર ઉપર તેલનું માલિસ કરાવીને સરસ રીતે નવડાવ્યો. એને

સરસ સૂટ પહેરાવ્યો, ટાઇ અને હેટ પહેરાવ્યાં, હોટેલમાં પેટ ભરીને જમાડ્યો. અને માત્ર ચોવીસ કલાકમાં એ માણસ જૂદો બની ગયો. બીજે દિવસે પાછો એનો ફોટો લીધો અને ત્યાંના છાપાઓમાં બન્ને ફોટા સાથોસાથ આપીને સરખામણી કરી; જુઓ, ચોવીસ કલાક પહેલાં આ માણસ કેવો હતો અને હજામતે ચોવીસ કલાકમાં એને કેવો બનાવી દીધો! 'પહેલાં અને પછી' આ શિર્ષક નીચે લખ્યું કે માણસમાં જાદુઇ પરિવર્તન લાવનાર હોય તો હજામત છે!

હજામોના પ્રતિનિધિઓની પાર્ટીની ખૂબ સરસ જાહેરાત થઇ, અને પેલા એજન્ટની પણ સારી કદરદાની થઇ.

કામ પૂરું થયું એટલે પેલા એજન્ટે આ કામ કરનાર માણસને પહેરેલો સૂટ રાખવા કહ્યું અને હાથમાં સો ડોલર આપતાં કહ્યું: તેં બરાબર ચોવીસ કલાક સુધી મને મદદ કરી તે માટે તને સો ડોલરનું ઇનામ.

જ્યારે આભાર માનીને પેલો જવા ઊભો થયો ત્યારે Norman Pillના મિત્રે પૂછ્યું: 'હવે તું શું કરીશ?' પેલો કહે: 'મને ખબર નથી.' ત્યારે માલિક કહ્યું: 'તો કાલથી મારી હોટેલમાં આવ, કામ કર અને હવે તું જીવનમાં ધીમે ધીમે આગળ વધ. તારી પાસે નવો સૂટ આવ્યો, તને સો ડોલર મળ્યા, તારું પરિવર્તન થઈ ગયું. 'પેલો કબૂલ થયો અને કહ્યું કે કાલે હું આઠ વાગે હાજર થઇશ.

એ ગયો, બીજે દિવસે હોટેલ માલિકે વાટ જોઇ પણ ન આવ્યો, ત્રીજે દિવસ, ચોથો દિવસ એમ કરતાં કરતાં અઠવાડિયું નીકળી ગયું. પછી શોધ કરવા માટે એજન્ટની મદદ લીધી. તપાસ કરતાં કરતાં એ slum areaમાં ગયો તો પેલો દારૂ પીને ગટર આગળ પડ્યો હતો. જોયું તો શરીર ઉપર નવા સૂટને સ્થાને ફાટેલું ખમીસ હતું. એને જોરથી ઢંઢોળ્યો ત્યારે આંખના પાંપણ ખોલીને ઊંચા સાદે બોલ્યો: 'શું છે?' પેલા હોટેલ માલિકે પૂછ્યું: 'તારો સૂટ ક્યાં?' ઘેનમાં જ એણે કહ્યું: 'દારૂમાં વેચી નાખ્યો.' 'અને સો ડોલર?' પાછા સૂઈ જતા એણે કહ્યું: 'હું અને મારા મિત્રો ભેગા થઇ પીવામાં વાપરી નાખ્યા.'

આ પ્રસંગ ઉપર Norman Pill લખે છે: માણસને તમે હજામત કરાવી, સારા કપડાં પહેરાવી બહારથી પલટાવી શકો છો, ઉપરથી પરિવર્તન લાવી શકો છો પણ એ બહારનું પરિવર્તન બહુ લાંબું નહિ ટકે. અંદર તો એ દારૂડિયો જ હતો એટલે પાછો ત્યાં જઇને દારૂ પીને પડ્યો.

સંસારમાં બહારથી ફેરફાર કરવાના પ્રયત્નો થઇ રહ્યા છે. પણ અંદર સુધારો જો નહિ થાય તો દંભ વધી જશે.

આજની કોલેજો, યુનિવર્સિટીઓ તમને કેળવણી આપીને બહારથી પલટાવે છે પણ અંદર પરિવર્તન ન થવાથી સમાજમાં જે તંદુરસ્ત, સ્વસ્થ અવસ્થા ઊભી થવી જોઇએ તે નથી થતી.

બહારનું પરિવર્તન અમુક મર્યાદા સુધી કામ કરે છે, આખર તો માણસને અંદરથી પલટાવવું પડે છે.

જગતમાં દૃષ્ટિ નાખશો તો એવા ઘણા માણસો મળશે જે દાણચોરીનું કામ કરતા હોય, દારૂની ભઠ્ઠીઓ ચલાવતા હોય, મટકા અને જુગાર પણ રમતા હોય, છતાં એ બહાર નીકળે ત્યારે સારા કપડાં અને મોટી ગાડીઓમાં માણસોને

આંજી નાખે. પણ પૈસા જતાં એ મૂળ સ્થિતિમાં આવી પડે.

આ પ્રવચનમાળા અંદરથી પલટો લાવવા માટે છે. જ્યારે તમે અંદરથી પલટો કરતા થાઓ છો પછી બહારનું પરિવર્તન એની મેળેજ સહજ રીતે જ આવતું જાય છે.

અંદરનું પરિવર્તન કોનાથી આવે છે? પ્રજ્ઞાથી. પ્રજ્ઞાનો વિસ્તાર જેમ જેમ થાય છે તેમ તેમ અંદરનું વ્યકિતત્વ બદલાતું જાય છે.

એકવાર તમારું વ્યકિતત્વ અંદરથી બદલાઈ ગયું પછી તમે નવમાનવ બની ગયા, તમારા જીવન પ્રત્યેના મૂલ્યો તમને સમજાયા. પછી તમે આ વિશ્વમાં રહો ખરા પણ કોઇ જૂદી જ ભૂમિકાથી રહો.

પણ તમે તો કહેશો કે અમારે આ જગતમાં રહેવાનું છે, સારા અને ખરાબનો સામનો કરવાનો છે. અમારી સામે અનેક પ્રશ્નો છે. આર્થિક, સામાજિક, રાજકીય અને ધાર્મિક. એ બધાનો ઉકેલ કેમ કરવો?

પ્રશ્નો જરૂર તમારી સામે આવે છે પણ તમારે ભૂલવું ન જોઈએ કે દરેક પ્રશ્ન ઉત્તર લઇને જ આવે છે. દુનિયામાં એવો કોઇ પ્રશ્ન નથી જેના પેટમાં ઉત્તર ન છુપાયો હોય.

તમે પ્રશ્ન જોઈને ગભરાઈ જાઓ છો પણ ડાહ્યો માણસ તો સમજતો હોય છે કે પ્રશ્નની આસપાસ, કે પ્રશ્નમાં જ ક્યાંક ઉત્તર સમાયેલો છે અને મારે એને શોધી કાઢવાનો છે.

આ ઉત્તરને શોધવા માટે શાન્ત પ્રજ્ઞાની, અને અંદર ઊભી થયેલી વ્યગ્રતાને દૂર કરનારી ધીરજની જરૂર છે.

પણ જે ઉતાવળ કરે છે, પ્રશ્ન આવતાં ગભરાઈ જાય છે તે ઉત્તર સામે હોવા છતાં પણ એને જોઈ શકતો નથી.

તમારે લગ્નમાં જવાનું હોય, સમય થઇ ગયો હોય અને એ જ વખતે કબાટની ચાવી ક્યાંક ગુમ થઈ જાય અને તમને પરસેવો પરસેવો થાય. મોડું થાય છે પણ ચાવી મળતી નથી. તમે ગભરાઈ જાઓ. એટલામાં તમારું સ્વજન આવે અને પૂછે કે શું થયું? આટલા ગભરાઇ કેમ ગયા? તમે કહો કે ચાવી જડતી નથી. ત્યારે એ હસીને શું કહે? આ ટેબલ ઉપર શું પડ્યું છે? તમે હસીને જવાબ આપો: અરે, આ ચાવી અહીં પડી હતી? મને તો દેખાયું જ નહિ.

તમારી વ્યગ્રતા, તમારી ઉતાવળ, તમારા જલદી જવાના વિચારો આ બધું એક ધૂમાડો બનીને તમારી બુદ્ધિને વિચાર કરતી બંધ કરે છે.

જીવનયાત્રામાં પણ આ જ સમજવાનું છે. પ્રશ્નોના ઉત્તર ક્યાંક ના ક્યાંક છે જ પણ એ જડે, એને શોધીએ અને એમાંથી સમાધાન મેળવીએ એટલી ધીરજ આપણામાં નથી, બહુ ઉતાવળ છે. આપણને થાય કે હમણાં જ એનો જવાબ મળવો જોઇએ.

માથું દુઃખે તો માથું શા માટે દુઃખે છે એનું કારણ તો શોધતા જ નથી. એનેસીન લઈને તરત માથાના દુઃખાવાને બંધ કરી દે છે. દુઃખાવો બે કલાક માટે બંધ થઈ ગયો એટલે પતી ગયું? પણ એ ભૂલી જાય છે કે બીજે દિવસે પાછો એ દુઃખાવો આવવાનો, કારણ કે એનું કારણ શોધ્યું નથી.

આજે દરેક વસ્તુ માણસ તરત ઉકેલવા માગે છે પણ દરેક વસ્તુનો ઉકેલ તરત હોતો નથી. એને તપાસવા, એનો જવાબ મેળવવા અમુક સમયની, થોડીક ક્ષણોની આવશ્યકતા રહે છે.

તમારા જગતમાં મુસીબત ન હોય તો જિંદગી એક કંટાળો બની જાય. મુસીબતોની વિવિધ રંગપૂર્ણી છે. માટે જ જીવન તમને જીવવા જેવું લાગે છે.

જીવન જો એક સરખું જ હોય, માત્ર ખાવું, પીવું અને સૂવું, અને કોઈપણ જાતની પ્રવૃત્તિ કરવાની ન હોય, કોઈ દુઃખનો સામનો કરવાનો ન હોય, કોયડા ઉકેલવાના ન હોય તો તમને તમારું જીવન એકસરખું monotonous ન લાગે ?

જીવનમાં મુશીબતો છે, વિપત્તિઓ છે, ન ગમતું આવે છે, એનો સામનેઃ કરવામાં, એને ઉકેલવામાં માણસના જીવનની વિશિષ્ટતા રહેલી છે.

તમને ખબર હશે કે બાળકો જ્યારે માંદા પડે છે, ખાટલામાં પડ્યા પડ્યા હેરાન થાય છે ત્યારે માને શું કહે છે? મા, મને અત્યારે કંટાળો આવે છે એટલે મારે માટે Puzzle box લઈ આવો. Puzzle box આવે છે એટલે છોકરું સૂતું સૂતું મહેનત કરે છે, કોયડાઓ ઉકેલે છે, રમકડાના ટૂકડાઓ ગોઠવી ગોઠવીને નવા આકાર બનાવે છે, એમાં એના ત્રણ–ચાર કલાક નીકળી જાય છે. જ્યારે આખું Puzzle ઉકેલી નાખે છે ત્યારે બાળક રાજી રાજી થાય છે, માને બોલાવીને કહે છેઃ "જો, મેં કોયડો ઉકેલી નાખ્યો !"

બાળકની વાત જીવનમાં પણ લાગુ પડે છે. માણસના જીવનમાં રોજ કોયડાઓ આવે છે એને ઉકેલવામાં જીવનનો આનંદ રહેલો છે. જો કોયડો જ નથી, વિપત્તિ જ નથી તો જીવન ભારરૂપ કે બોજરૂપ બની જાય છે.

આ કોયડાને ઉકેલતાં પ્રજ્ઞાને વિકસાવવાની છે.

પ્રજ્ઞા એટલે શું ? જીવનની અસ્વસ્થતા વચ્ચે પણ સ્વસ્થતા રાખવી, જીવનની મુસીબતોમાં પણ ક્યાંક શાંતિ છુપાયેલી છે એ લક્ષમાં રાખવું, વંટોળિયો ખૂબ જોરથી ઉપર ચઢેલો હોય ત્યારે પણ એ વંટોળિયાની વચ્ચે, એના કેન્દ્રમાં શાન્તિ છે તે જોવી એનું નામ પ્રજ્ઞા.

પાંદડાને ઉપર ચઢાવતા, ધૂળના ગોટેગોટા ઊભો કરતા અને ચારેબાજુ વાતાવરણને ડહોળી નાખતા વંટોળિયાના કેન્દ્રમાં ખાલી ભાગ છે જ્યાં શાંતિ છે; કચરો, પાંદડાં કે ધૂળનું રજ પણ ત્યાં નથી.

જે ખાલી તત્ત્વ છે એ દુનિયાને ઘૂમાવી શકે છે. જે હળવો છે એ બધાને ઊંચકી શકે છે.

ફૂટબોલને ગમે એટલી લાતો મારો, પથ્થર કે ઈંટ ઉપર પછાડો પણ એના ટૂકડા થતા નથી, દબાઈ જતો નથી કારણ કે એના અંદરના ભાગમાં હવા છે. પણ હવા ઓછી થયા પછી એના ઉપર પગ આવતાં એ તરત burst થઈ જાય છે.

અંદરના પોલાણે એને બહારની શક્તિઓને ઝીલવા માટે શક્તિ આપી છે.

પ્રજ્ઞા અંદર એવી પરિસ્થિતિ ઊભી કરે છે કે બહારની વસ્તુઓને અંદર ઘૂસવા ન દે. જે અંદર આવવા ન દે. એ જ બહારની વસ્તુઓનો સામનો કરી શકે છે. નૌકામાં પાણી જાય તો એ પાણી પર તરી ન શકે. એટલે નૌકામાં છિદ્ર ન ચાલે.

આ અંદરની શક્તિ એટલે અંદર સ્વસ્થતા રાખવી. જેમ જેમ આ સ્વસ્થતા આવતી જાય છે તેમ તેમ પ્રત્યેક પરિસ્થિતિમાં સમભાવ આવે છે. સુખ આવે છે તો સ્મિતથી સ્વીકાર કરે છે, દુઃખ આવી જાય તો હિંમતથી જોયા કરે છે. એ જાણે જ છે કે આ બે છે એટલે જ જગત છે, આ બેની વચ્ચે મારે જીવન જીવવાનું છે. મારે મારી જીવનરૂપી ગાડી સુખ અને દુઃખના પૈડાં ઉપર સ્થિરતાથી ચલાવવાની છે.

માટે બીજાના અભિપ્રાય (opinion) અને વાહવાહ (compliments) ઉપર જીવવાનો પ્રયત્ન નહિ કરવો જોઇએ. બીજાને તમારી શું પડી? એ તો તમારે મોઢે અતિસુંદર, બહુ સરસ (beautiful, fine) એવા શબ્દો વાપરતા હોય છે. કારણ કે એ જાણે છે કે એનો અને તમારો સંબંધ ઘડી બે ઘડીનો છે તો એ સંબંધ અપ્રિય શબ્દોથી શા માટે બગાડવો?

આ બહારના શબ્દોથી તમે નાચી ઉઠશો, શબ્દો પૂરતો આનન્દ પણ આવશે પણ અંદરની તૈયારી નહિ હોય તો એ શબ્દોના અભાવમાં પાછા હતાં તેવા ને તેવા થઈ જવાના.

તો હવે એવી તૈયારી ન કરો, એવો અભ્યાસ ન કરો કે ધન્યવાદ (compliments) આપનાર ન હોય, તેમ છતાં તમે સમભાવાત્મક જીવન જીવી શકો.

આ સ્વસ્થતાનો અનુભવ, પ્રજ્ઞાનો ખ્યાલ આપે છે.

ડિગ્રી અને પ્રજ્ઞાને હું જુદા પાડું છું. ડિગ્રી બહારથી આપવામાં આવે છે, બહારથી દેખાય છે, જ્યારે પ્રજ્ઞા અંદરથી આવે છે, લોકોને દેખાતી નથી. એકને કહેવાનું છે, જાહેર કરવાનું છે, બીજાનો પોતાનામાં અનુભવ કરવાનો છે; એકમાં ઉપાધિ છે, બીજામાં નિરુપાધિક આનંદ છે.

આ આનંદની પ્રાપ્તિમાં જીવનની સાફલ્યતા છે. માણસની સફળતાનો આધાર માત્ર ધન, કીર્તિ કે લોકોની વાહવાહ નથી પણ અંદરની તૈયારી છે. અંદરની તૈયારી નથી એ મોટું દુઃખ છે.

જે હવા અને વાતાવરણમાં આપણે જીવી રહ્યા છીએ એ આપણને ચોવીસે કલાક ઘેરી રાખે છે, બહાર શું છે તેનો વિચાર કરવા પણ દેતાં નથી.

બહાર જવાનું પણ વળગાડ સાથે નહિ. કારણ કે વળગાડને ટેવ છે કે બધું પાછું લાવી લાવીને આપ્યા જ કરે. વળગાડ તમને પરતંત્ર બનાવે છે, વસ્તુઓ ઉપર આધારિત કરી દે છે.

આધાર ગમે તેવો સારો હોય પણ ધ્યાન રાખજો કે આખરે એ આધાર છે. જે મકાનને ટેકો છે પછી એ ભલે લોખંડનો હોય પણ આખર તો એ ટેકો છે. ટેકો મકાનની સલામતી નહીં, નિર્બળતા સૂચવે છે.

માણસ જ્યાં સુધી ટેકા ઉપર જીવે છે ત્યાં સુધી એ નિર્બળ છે. જે ટેકાઓને તોડે છે, જે મનને કેળવે છે. તે જ ધીમે ધીમે ઉપર જાય છે.

તમે એવું ન કરો કે ધીમે ધીમે થોડા થોડા ટેકા ખસેડતા જાઓ. જાણું છું કે એકદમ ટેકો ખસેડી નાખો તો મકાન બેસી જવાનું કારણ કે તમે એવી રીતે જ તમારું મકાન બાંધ્યું છે, એકલા ટેકા અને થાંભલાઓ પર જ ઊભું છે.

હવે એવું સર્જન (construction) ન કરો કે જેમાં થાંભલા ખસેડી શકાય પણ મકાન સલામત રહે.

ટેકા પણ ઘણી જાતના હોય છે. વૃત્તિઓના હોય, વ્યસનોના હોય, વિચારોના હોય, માનસિક વ્યકિતઓના પણ હોય. આ ટેકાઓ ચિત્તને નિર્બળ બનાવી રહ્યા છે.

આ પ્રવચનો શ્રવણ કરતાં કરતાં તમારામાં એક એવી તાકાત આવે, એવું બળવાન વિચાર તંત્ર જાગે કે નહિ, મારે ટેકાઓ ઓછા કરવા છે. ના, મારે ટેકા નહિ જોઇએ.

આ ટેકાઓ, આ આધારો દૂર કરવાની શકિત કેળવવા આર્થર ચોવીશ કલાક માટે એકલો પડયો.

પહેલાં તો એને ટેકાઓ વિના ગમ્યું નહિ. અને એમ પ્રારંભમાં તો બને જ.

તમે રોજ બીડી કે સિગારેટ પીતા હો તો બે ચાર દિવસ એના વિના તમને નહિ ગમે. પણ આઠ–દસ દિવસ જો નીકળી ગયા તો પછી તમારામાં એવી સ્ફૂર્તિભરી તાકાત આવે, કે તમે જ હિંમતપૂર્વક કહી શકો કે સારું થયું કે એક વ્યસન નીકળી ગયું.

શિયાળાના દિવસોમાં જ્યાં સુધી બાથમાં કૂદકો લગાવ્યો નથી, ત્યાં સુધી શરીર ધ્રૂજતું હોય છે, પણ ઠેકડો માર્યો પછી ટાઢ બધી જ ઊડી જાય છે.

એમ ટેકાઓ જ્યાં સુધી છોડયા નથી ત્યાં સુધી તમને બીક લાગે છે પણ એકવાર છોડયા પછી બસ મન મુકત બને છે. મુકિતનો આનંદ ટેકાઓને છોડયા વિના મળતો નથી.

એક ભાઈએ મને પૂછયું: મહારાજશ્રી ! અમને આ આનંદનો અનુભવ અહીં કેમ થતો નથી ? જવાબ આપ્યો: ભાઈ! તું બંધાયેલો છે, બંધાયેલાને મુકિતનો આનંદ કેમ થાય ? ઉપર ગયા વિના નગરમાં શું થાય છે એ કેમ દેખાય ? શિખર ઉપર ગયા વિના શિખરની આસપાસનું અલૌકિક સૌન્દર્ય કેમ દેખાય ? તું જે ખીણમાં બેઠો છે ત્યાંથી તો નહિ દેખાય. તારે બહાર જવું પડશે, મુકત થવું પડશે.

આ માનસિક સ્વતંત્રતા (freedom) માણુસને શકિતશાળી બનાવે છે. આ શકિતની અનુભૂતિ એ જ જીવનનો આનંદ છે.

મિત્રના કહ્યા પ્રમાણે આર્થરે Listen carefully સાંભળવાનો પ્રયત્ન કર્યો. પણ જડવાદની વાતો એટલી બધી કાનમાં ઘૂસી ગઇ હતી કે અંદરનો ઝીણો અવાજ જલદી ન સંભળાયો.

આજ આપણા કાન સુધી કાંઇ પહોંચતું નથી કારણુ કે આપણું મન આખું બગડી ગયું છે, મગજમાં ન ભરવાના વિચારો ભરાઇ ગયા છે. મન અને મગજ ન કરવાના વિચારો લઇ આવે છે. જે વિચારો નથી કરવાના એ આપણી સામે ફરી ફરીને આવે છે અને જે કરવા જોઈએ એ સ્મરણુમાંય નથી આવતા.

ગળ્યું ખાધા પછી ચા મોળી લાગે છે, ચાનો સ્વાદ લેવા ગળ્યાં અને ચાની વચ્ચે કોઇ તીખી વસ્તુ લેવી પડે છે; ભોજનનો આ નિયમ છે.

એવી જ રીતે જીવનનો પણ એક નિયમ છે. તમે એટલું બધું ભૌતિક સાંભળ્યું છે કે આત્માના અવાજને સાંભળવા માટે વચ્ચે શાંતિનો, મૌનનો break આવવો જોઇએ. પછી જ આત્માનુ ઝીણું ગુંજન તમારા કાન સુધી પહોંચે છે.

જડવાદના વિચારોની મન ઉપર થયેલી અસર લાંબા ગાળાની છે. આ અસર નીચે દેવાયેલું મન વિચારોની પકડમાંથી છૂટતું નથી, છૂટી શકતું નથી.

આ પકડમાંથી છૂટવા માટે એકલા પડવું પડે છે.

આર્થર જ્યારે એકલો પડયો ત્યારે એને ધીમે ધીમે બધું દેખાવા લાગ્યું. નૈસર્ગિક વાતાવરણ, બાળકોનો કિલકિલાટ, બધું મનને ભરવા લાગ્યું. એની માનસિક પરિસ્થિતિ બદલાઇ અને બધું જોવા લાગ્યો.

નિર્મળ થવું છે તો વાર ક્યાં દૂર છે?



જે ચરણોમાં બેસીને આત્માનો પ્રકાશ મેળવ્યો એ જ ચરણોમાં ત્રણ વર્ષ બાદ સ્વદેશ પાછા ફરતાં વાસક્ષેપ લેતાં ઝેકોસ્લોવિકયાના મહાન એંજિનિયર શ્રી સ્ટોલ્બા.

શક્તિમાંથી સર્જન

પૂ. ગુરુદેવના દર્શનાર્થે શિવસેનાના અધિનાયક શ્રી બાલ ઠાકરે તા. ૧૫-૮-૭૦ના આવીને તેઓશ્રીને મુખેથી માર્ગદર્શન મેળવતાં પૂ. ગુરુદેવે જણાવ્યું : સંસારમાં શક્તિ સૌને નથી મળતી, એ પુણ્યની મહાન ભેટ છે. એ તમને મળી છે તો એમાંથી કાંઇક સર્જન કરો. આજ માનવસંતાનો દરિદ્રતામાં પશુની જેમ અને અજ્ઞાનમાં દાનવની જેમ જીવન વીતાવી રહ્યાં છે તો તમે તમારા આ બળવાન સંગઠન દ્વારા પ્રજાજીવનમાંથી દારિદ્ર અને અજ્ઞાનને કાઢવાની ઝુંબેશ ઉપાડો.

શ્રમ અને સચ્ચાઇથી દરિદ્રતા જાય અને વિદ્યાના પ્રચારથી અજ્ઞાન જાય. પછી જુઓ પ્રજા તમને કેવા આશીર્વાદ આપે છે.

પૂ. ગુરુદેવની વાણી ભવ્ય આત્માઓને સ્પર્શ્યા વિના ન રહે. થાણામાં વસતા કેટલાંય બ્રાહ્મણ કુટુંબો પ્રવચનનો લાભ લે છે તેમાં એક શ્રી બાબુભાઈ વડીયાના કુટુંબે તો ભાત પાડી છે. તેમનાં પુત્રી શોભના કૉલેજના પ્રથમ વર્ષમાં ભણે છે. તેમણે આઠ ઉપવાસ કરવાની ભાવના દર્શાવી ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું : એક એક કરતાં આગળ વધો અને તેમની વાણી માથે ચઢાવી એક એક કરતાં અઠ્ઠાઈ તપશ્ચર્યા પૂર્ણ કરી. પારણું કરતાં પહેલાં શોભનાબહેન પૂજ્યશ્રીને વહોરાવી રહ્યાં છે.

તપ અને ત્યાગના પગલે પગલે

પર્યુષણ પર્વની આરાધના સુંદર રીતે પૂર્ણ થતાં રવિવાર તા. ૬-૯-૭૦ના રોજ થાણામાં નીકળેલો તપસ્વીઓનો વરઘોડો.

ત્રણ કલાક પૂરા થયા, બીજી પડીકી ખોલવાનો સમય થયો પણ હવે એ સમજી ગયો કે આમાં દવાઓ નથી પણ દુવાઓ છે, વસ્તુ નથી પણ વિચાર છે.

બીજી ચીઠ્ઠી ખોલી ત્યારે અંદર લખેલું હતું: Try reaching back. ભૂતકાળને યાદ કર.

પણ ભૂતકાળને યાદ કરવા માટે શિથિલ થવાની જરૂર છે, વર્તમાનના બંધનમાંથી મુક્ત થવાની જરૂર છે.

આર્થર વિચાર કરવા લાગ્યો, 'મને શાનાં બંધન છે?' 'મને કોણ બાંધી રહ્યું છે?'

સવારે અમુક ઠેકાણે જવું છે, બપોરે આને મળવાનું છે, સાંજે વળી પાર્ટીમાં હાજર થવાનું છે–જીવનમાં કેટલી બધી મુલાકાતો?

માણસ જીવવા માગે છે પણ આજે તો હેરાન હેરાન થઇ રહ્યો છે. એની પ્રવૃત્તિઓ પણ એને બાંધી રહી છે.

કવિવર ટાગોરે ક્યાંક લખ્યું હતું: World is a playground and be a good player.

બાળકો શાળાની પાસે આવેલ મેદાનમાં રમે છે એમ નિર્દોષ ભાવે વિશ્વના વિશાળ મેદાનમાં રમવાનું છે.

જે કાંઇ કામ કરો એ એક રમત જ છે. સ્નેહીને કાગળ લખો છો ત્યારે એના ખાલી જીવનમાં લાગણીની હૂંફ ભરો છો અને મૈત્રીની મધુરતા વધારો છો.

વ્યાપારનો સોદો કરો છો ત્યારે દેશને અને તમારા કુટુમ્બને મદદ કરો છો શું કરવા એમ કહો છો કે આ ઠસરડો મેં માથે લીધો છે. એવા પણ માણસો છે જે બધું કરે છે પણ અઠવાડિયામાં એકાદવાર બોલી નાખે કે તમારે માટે હું કામ કરી કરીને મરી ગયો!

તો ભાઈ, તું શું કરવા મરવા માટે કામ કરે છે? કામ તો જીવવા માટે છે, આનંદ અનુભવવા માટે છે, મરવા માટે કે નિસાસા નાખવા માટે નહિ!

રળીને આવનાર પતિ પત્નીને શું કહે? તમારે માટે દાગીના લાવીને, સાડીઓ ખરીદીને અમે હેરાન હેરાન થઈ ગયા. શું કરવા હેરાન થાઓ છે? જે કાંઈ કામ જીવનમાં ઉપાડ્યું છે એ આનંદ માટે છે, ભારથી લદાવવા માટે કે કાર્યના બંધનથી બંધાવવા માટે નહિ!

જીવનનો મહિમા ભૂલી ગયા અને જેનો તમે આનંદ માટે સ્વીકાર કર્યો હતો એને તમે હવે ભાર, burden માની લીધું. આનંદનો વિષય દુઃખનો વિષય બની ગયો.

જ્યાં ભાર છે ત્યાં બંધન છે. બંધનથી મુક્ત થયા વિના ઉડ્ડયન નહિ થઈ શકે. લોકો જ્યારે ત્યારે કહેતા ફરે છે: સંસાર એ નરક છે.

ભાઈ, સંસાર નરક છે કે તારા કંટાળાજનક વિચારોએ તારે માટે સંસારમાં નરક ઊભું કર્યું છે! નરક બહાર છે કે અંદર છે?

ઘણા મને પૂછે: "નરક ક્યાં છે?" મને હસવું આવે. નરક બહુ દૂર નથી, તમારી પાસે છે, તમારે ત્યાં જ છે.

મા અને દીકરી બન્ને બહુ કજિયાળા હતા પણ બહારથી ધર્મીનો દેખાવ ખૂબ કરતા. આખા ગામની સાથે કજિયો કરે પણ મંદિરમાં સારા રહે કારણકે ભગવાન બોલતા નહોતા. ભગવાન બોલતા હોત તો એની સાથે પણ કલહ કરતા.

મા–દીકરી બધાની સાથે કજિયો કરી મંદિરમાં જાય. મંદિરમાંથી ઘરે આવી કહે કે મંદિરમાં કેવી શાંતિ છે! કોઈ ઝઘડો નહિ, કોઇ માથાફોડ નહિ, પરમ શાંતિ.

એને કહે કોણ? કે તારી સાથે માથાફોડ કરનાર મંદિરમાં હોય કોણ?

દીકરીનું સગપણ થયું અને થોડા જ દિવસ પછી દીકરીએ માને કહ્યું : મા, જેની સાથે મારું સગપણ થયું છે એને હું નહિ પરણું. માએ પૂછયું: બેટા, શું થયું?

દીકરીએ કહ્યું : એ ધર્મમાં નથી માનતો. એટલે કે એ નરકમાં નથી માનતો.

માએ હસીને કહ્યું: બસ આટલી જ વાતમાં તું ગભરાઈ ગઈ! તારે ગભરાવવાની જરૂર નથી. આજે ભલે એ નરકમાં નથી માનતો પણ તું એકવાર એને પરણી લે પછી આપણે બે જણા મા–દીકરી ભેગાં થઈ એને બતાવી આપીશું કે નરક ન હોવાની માન્યતા ખોટી છે. આપણે એને અનુભવ કરાવીશું કે નરક આ રહ્યું."

લોકોએ જીવનને જ નરક બનાવ્યું છે, કંટાળાનું ધામ કર્યું છે.

લોકોની સાથે, ગામની સાથે, ઘરની સાથે, વ્યકિતઓની સાથે અને જેની સાથે તમારા તકદીરના દોરાઓ જોડાયાં છે એની સાથે રહેવાનું છે, એમની સાથે જીવન જીવવાનું છે તો હવે આ બધું મૂકીને તમે કયાં ભાગી જશો?

જેની સાથે રહેવું છે એમનામાં દોષ જોવા કરતાં એમને બીજી રીતે કેમ ન જુઓ? એનામાંથી સારું વીણીવીણીને કાઢી લેવાનું છે.

આ દુનિયાના રમતગમતના મેદાનમાં તું સર્વશ્રેષ્ઠ રમનારો બની જા, એવી સરસ રમત રમ કે તારો વિદાયનો દિવસ આવીને ઊભો રહે ત્યારે તારા મુખ ઉપર સંતોષ હોય, સારી રમત રમ્યાનો આનંદ હોય.

જ્યારે તમે સારામાં સારી મેચ રમો છો, સાંજ થાય છે અને રમતના મેદાનમાંથી play-ground ઉપરથી બહાર આવો છો ત્યારે તમારી વાટ જોતાં બધાં પ્રેક્ષકો તમને ધન્યવાદ (congratulations) આપે છે, સ્મિતથી વધાવતાં હોય છે, ત્યારે તમે શું કહો છો? મારી શકિત પ્રમાણે સારું રમી લીધું. રમતનો કંટાળો નથી પણ સંતોષ છે.

એની દુનિયામાં આર્તધ્યાન કે રૌદ્રધ્યાન નથી પણ ધર્મધ્યાન અને શુકલધ્યાન છે.

માટે જે બોજાથી તું લદાયેલો છે, અને જ્યાં જાય ત્યાં માથા ઉપર આ તાણ tension રાખે છે, તે તું છોડીને હળવો થા.

વિચારોથી હળવો બનીશ તો આનંદની પાંખે બેસી ભૂતકાળમાં ઊડી શકીશ.

અત્યારે આ વ્યાખ્યાન શ્રવણ કરનાર શ્રોતા-વર્ગમાં એવા પણ મહત્ત્વના માણસો હશે જે વિચારતા હશે કે બરાબર દસના ટકોરે ચિત્રભાનુનું વ્યાખ્યાન પૂરું થશે. મોટરમાં ઘરે જતાં દશ મિનિટ લાગશે અને દસને પંદર મિનિટે મારી કૉન્ફરન્સ શરૂ થશે.

અહીં વિચારો આત્માના ચાલતા હોય ત્યારે એ ભાઈના વિચારો પેલી કોન્ફરન્સના ચાલતા હોય. એના મનમાં સવા દશ પહેલાં ઘેર કેમ પહોંચવું એની રચના ચાલતી હોય છે.

વ્યાખ્યાન પછી ઘરે જાઓ, કોઈ પૂછે તો કહો પણ ખરા કે ચિત્રભાનુના પ્રવચનમાં ગયો હતો, ઠીક હતું પણ મને કાંઈ ખાસ સ્પર્શે (appeal) કરે એવું ન લાગ્યું.... લાગે ક્યાંથી? તું તો બે માં વહેંચાયેલો હતો.

જેના મનમાં તાણ tension છે એ કોઈ જ વસ્તુનો આનંદ માણી શકતો નથી. Tension તાણ એને અને એના આનંદને બાંધી રાખે છે.

તમે ખાવા બેસો ત્યારે ઓફિસના વિચારોનો બોજો છોડો, માત્ર ભોજનનો જ ઉપયોગ રાખો. પૂજામાં બેસો ત્યારે સ્વજનોનો અને સમાજનો વિચાર છોડી દો, માત્ર આત્મામાં રમો. પ્રવચન સાંભળવા બેસો ત્યારે તર્ક અને દલીલોને છોડી દો, માત્ર વકતાની સાથે ચિન્તનનો વિહાર કરો.

જ્યાં સુધી તમારા કાર્ય સાથે એક રૂપ in tune નહિ થાઓ ત્યાં સુધી તમે એ વસ્તુ સાથે તાદાત્મ્યતા અને રસનો અનુભવ નહિ કરી શકો.

આર્થર બોજાથી મુકત બન્યો, હળવો થયો, હવે ભૂતકાળ યાદ આવ્યો, જૂની સ્મૃતિઓ તાજી થઈ.

નાનપણમાં એક નાનકડા ફટાકડા માટે હું કેટલો ઝંખતો હતો અને એ મળી જતાં હું કેવો રાજી રાજી થઈ જતો! અમારા ગરીબ ઘરમાં મા જ્યારે કેક બનાવતી ત્યારે સવારથી એ કેક સામે જોયા કરતો અને સાંજે જ્યારે મા આ નાની કેકના ચાર ટુકડા કરી એક ટુકડો આપતી ત્યારે હું કેવો ખુશ થઇને ખાઈ જતો!

આજે? આજે મારી સામે આટલું બધું ખાવાનું પડેલું છે તો ભૂખ જ નથી. ખાવાને બદલે બેઠો બેઠો ચિંતા કરું છું.

વસ્તુઓથી હું એટલો બધો લદાયો છું કે વસ્તુનો આનંદ જ ચાલ્યો ગયો છે.

આનંદ છે પણ ક્યાં સુધી? વસ્તુઓ વધારે ન મળે ત્યાં સુધી. વસ્તુ વધારે મળી તો આનંદ ગુમ.

આ નિયમ જેટલો પ્રમાણમાં સમજી શકશો, એટલા પ્રમાણમાં વસ્તુનો આનંદ મેળવી શકશો.

વર્ષો પહેલાની વાત છે. બાળપણમાં મારા મિત્રને ત્યાં હું જમવા ગયેલો. એની માએ એક વાનગી સરસ બનાવેલી. એ મને બહુ સરસ લાગી. એટલી બધી સારી લાગી કે મિત્રની મા જોઇ શકી કે એ મને બહુ ભાવી છે. મા અંદર જઈને બીજીવાર લઈ આવ્યા. મેં કહેવા ખાતર 'ના' તો કહી પણ એમણે આગ્રહ કર્યો, એટલે જરા વધારે લીધી પણ હવે ભૂખ પૂરી થવા આવી, પેટ ભરાવવા લાગ્યું પણ પેલી વસ્તુ હજુ પ્લેટમાં પડી હતી. એંઠી મૂકવી એ તો રીતભાત etiquetteની બહાર કહેવાય અને પેટમાં જરાપણ જગ્યા નહિ. પ્લેટ ખાલી કરી પણ વસ્તુ પ્રત્યે એવો અભાવ થઇ ગયો કે ફરી એ વસ્તુનો વિચાર પણ નથી કર્યો.

થોડા સમય પહેલાં જે બહુ ભાવતી હતી એ વધારે મળતાં એની મીઠાશ ઊડી ગઈ.

હવે તમને એટલી બધી વસ્તુઓ મળવા માંડી છે કે રોટલી અને રોટલો સામાન્ય લાગે છે, એનો આનંદ ચાલ્યો ગયો છે.

વધારે પડતી વસ્તુઓ જો આપણા આનંદને લૂંટી લેતી હોય, આનન્દથી વંચિત કરતી હોય તો ખરેખર એમ નથી લાગતું કે વસ્તુઓમાંથી મુકત બનવું એ જ આનન્દ છે.

માટે જ મહાપુરુષોએ અમુક દિવસના અંતરે ઉપવાસ નક્કી કર્યા. માણસો રોજ રોજ ખા ખા કરે છે અને ભોજનની મજા નથી માણતા તો થોડાક ઉપવાસ કરીને પણ ભોજનને મીઠું કરતા થાય.

જીવનના આનંદને લૂંટી લેતી ચિંતાઓથી આર્થર મુકત થયો અને નિર્દોષ શૈશવકાળને તાજો કર્યો.

છ કલાક પૂરા થવા આવ્યા એટલે ત્રીજી ચીઠ્ઠી ખોલી. હવે ચીઠ્ઠી ખોલવાની આતુરતા પણ વધી ગઇ.

દીવાદાંડીનાં અજવાળાં

જીવન એક મહાસાગર છે. આ મહાસાગરમાં જેમ મૂલ્યવાન રત્નો તથા પાણીદાર મોતી રહેલાં છે તેમ ભયંકર જળચરો અને મોટા ખડકો પણ છે. આવા અપાર સાગરમાં મુસાફરી કરતા મુસાફરને દીવાદાંડીનાં અજવાળાં વિના કેમ ચાલે? એ વિના તો એની જીવનનૈયા કોઈ ખડક સાથે અથડાઇ પડે, અને નૌકાના ચૂરેચૂરા થઈ જાય.

દીવાદાંડી અજવાળાં પાથરી ભયસ્થાન સૂચવે છે. માણસ આગળ વધી રહ્યો છે. એનો ઉત્સાહ અને વેગ અપૂર્વ છે. આજ એ ચાલતો નથી, દોડી રહ્યો છે; ન વર્ણવી શકાય એવી પ્રવૃત્તિઓમાં એ રોકાયો છે. એની પાસે સમય નથી એટલે એણે ગતિ વધારી છે. એને ઉતાવળ છે!

પણ પ્રશ્ન થાય છે: એ ક્યાં જવા માગે છે? એનું ધ્યેય શું છે? એના છેલ્લા મુકામની મંજિલ કઈ છે?

વેગ એટલો છે કે ધ્યેયનો વિચાર કરવા અવકાશ નથી; પણ ચિન્તકોને એથી ચિન્તા થાય છે; એ ક્યાંય અથડાઈ ન પડે—નિયંત્રણ વિનાનો વેગ માણસાઈના અનસ્તિત્વનું કારણ ન બને!

પદાર્થવિજ્ઞાનનો એક નિયમ છે; જેટલા વેગથી આઘાત થાય એટલા જ તીવ્ર વેગથી એનો પ્રત્યાઘાત થાય.

આ વેગ માણસમાં આવેગ ને આવેશ લાવી એના અસ્તિત્વને ન ભુલાવી દે, ન ભૂંસાવી દે એ જોવું રહ્યું; અને એથી જ માનવીના મનને કંઈક ઉચ્ચતમ એવું મળતું રહે એ માટે ચિન્તકો પોતાના ચિન્તનમાંથી તારવેલા નવનીતને જગત સમક્ષ ધરતા રહે છે.

વેગ, આવેશ ને આવેગથી દોડતા માણસને આ ચિન્તનનું નવનીત ક્ષણભર વિચાર કરવા તથા સાવધાનીથી આગળ ડગ ભરવા પ્રેરણા આપે છે.

દીવાદાંડીનાં આ અજવાળાં છે.

પૂ. ચિત્રભાનુના —
'ઊર્મિ અને ઉદધિ'માંથી

અધર્મનો ગુલામ!

ધર્મની આજ્ઞાઓ જીવનને વ્યવસ્થિત અને સુસંસ્કૃત બનાવવા માટે હોય છે અને ધર્મપ્રવર્તક તત્કાલીન પરિસ્થિતિને લક્ષમાં લઇને તે તે આજ્ઞાઓ કરે છે. પણ માણસ ધીમેધીમે તેના બાહ્યરૂપને જ મહત્વ આપવા લાગી જાય છે અને પોતાને પરંપરા દ્વારા મળેલી આજ્ઞાઓને પ્રામાણિકતાપૂર્વક પાળવાને બદલે, બીજી પરંપરાઓની આજ્ઞાઓનું ખંડન કરવાને વધારે મહત્વ આપતો થાય છે અને માનતો થાય છે કે આ રીતે પોતાની પરંપરાની પોતે વધારે સેવા કરી રહ્યો છે. એણે સ્વીકારેલી પરંપરાની આજ્ઞા પ્રમાણે જીવન ઘડી એના દ્વારા પોતાના વિકાસની જેટલી ચિન્તા નથી હોતી તેથી વધારે તો એના બાહ્યરૂપના રક્ષણની હોય છે. તેથી એને પોતાના ઉદ્ધારની અપેક્ષાએ બીજાના કહેવાતા ઉદ્ધારની ચિન્તા વધારે હોય છે અને એની આડમાં પોતાના અહંકાર અને મિથ્યાભિમાનનું પોષણ કરતો થઇ જાય છે. તે માટે તે હિંસા, અસત્ય, કપટ આદિ દુર્ગુણોનો આશ્રય લેતાં પણ નથી અચકાતો અને આ રીતે ધર્મને અધર્મનો ગુલામ બનાવી દે છે. પરિણામે મંગળમય ધર્મ જ અણસમજ, અહંકાર, સ્વાર્થવૃત્તિને કારણે અમંગળ થઈ જાય છે.

ત્રીજી ચીઠ્ઠીમાં લખેલું: Reexamine your motives.

"તું જે કામ કરી રહ્યો છે એ કામની પાછળ તારો motive, તારો આશય અને હેતુ શું છે એનો તું વિચાર કર."

તું જે કામ કરે છે એ શા માટે કરે છે? તું મંદિરમાં જાય છે પણ શા માટે? તું કોંગ્રેસમાં જોડાય છે અને કહે છે કે મારે દેશની સેવા કરવી છે, મિનિસ્ટર બનીને લોકોની વધારેમાં વધારે, સારી રીતે સેવા કરવી છે અને એ માટે તેં ખાદીની કફની પણ ધારણ કરી છે તો તે બધું શું સાચું છે?

કંપનીના ડિરેક્ટરો, દેશના મિનિસ્ટરો અને મંદિરના ટ્રસ્ટીઓ બધાં એમ જ કહેતા હોય છે કે અમે સેવા કરવા માટે હોદ્દો સ્વીકાર્યો છે.

Service above self. વાક્ય સરસ છે. જાત કરતાં પણ સેવા મહત્ત્વની છે. પણ તું જરાક શોધી લે કે તું સેવા કરવા જાય છે કે તારા છુપાયેલા, સંતાયેલા, દબાઈ ગયેલા અહંને જીવતો કરવા જાય છે? ઘરમાં તને કોઇ પૂછતું નથી, ઘરમાં તારું કંઈ ચાલતું નથી એટલે લોકોમાં, દુનિયામાં તારું જોર અજમાવવા તો તું નથી જતો ને?

એવું જોવા નથી મળતું કે જેને ઘરમાં આનંદ નથી મળતો એ આખી દુનિયામાં આનંદ આનંદ કરતો ફરે છે.

આર્થર વિચાર કરવા લાગ્યો: હું આ બધું શા માટે કરું છું?

કેટલી બધી કંપનીઓ અને કેટલા મોટાં કારખાનાં; ક્યાંક હું ડિરેક્ટર છું તો ક્યાંક હું ચેરમેન છું. આ બધું શા માટે?

હું જો સેવા જ કરવા માગું છું તો એક સંસ્થાને અર્પણ કેમ નથી થઇ જતો?

જે ઘણી સંસ્થાઓમાં જોડાયછે એ તો એકે સંસ્થાનું કામ વ્યવસ્થિત કરી શકતો નથી.

Jack of all, master of none. જે ઘણાનો થાય એ કોઇનો નહિ.

હવે, તું કોઈનો બની જા, એક વસ્તુને, એક સંસ્થાને સ્વીકારી લે.

એક ભાઈ મને મળવા આવ્યા અને કહે કે આપને ખબર છે કે હું કેટલા ઠેકાણે મારી સેવા આપી રહયો છું? કેટલી સંસ્થાઓમાં સેક્રેટરી છું? એમ કહી લાંબુ વર્ણન કર્યું.

કોઈ ચૂંટણી લડવા ઊભો રહે છે ત્યારે એ કેટલી કેટલી સંસ્થાઓમાં છે તેનું લિસ્ટ બનાવે છે. એનાથી લોકો ભોળવાઇ પણ જાય છે.

મને વિચાર આવ્યો કે જો આ માણસ આટલી બધી સંસ્થાઓનો કાર્યકર્તા હોય તો એ બિચારો ખાતો ક્યારે હશે! ઊંઘતો ક્યારે હશે! જીવનચર્યા ક્યારે કરતો હશે!

પણ માણસ સેવાની વાતો કરે છે ત્યારે એનો આશય જૂદો જ હોય છે. એણે એના આશયને જૂદી રીતે આચ્છાદિત (cover) કર્યો છે.

આ સેવાનું આચ્છાદન દૂર કરવાનું છે, તમારા આશયને નગ્ન કરવાનો છે, તમારી વૃત્તિઓને મૂળ સ્વરૂપમાં જોવાની છે.

જ્યાં સુધી આપણે આપણી વૃત્તિઓને ઉઘાડી નહિ પાડીએ, વૃત્તિઓ ઉપરના આચ્છાદનો દૂર નહિ કરીએ ત્યાં સુધી આપણે બીજાને છેતરશું અને આપણી વૃત્તિઓ જ આપણને disguise કરી છેતરશે.

આ શોધવાનું કામ આપણું છે. જાણો કે આ બધું હું કોને માટે કરું છું ? શું ખરેખર હું સાધના માટે, શાંતિ માટે કરું છું કે મારા અહંને પોષવા માટે કરું છું ?

અહં એવો ખાડો છે, એવો ઊંડો ખાડો (fathomless pit) છે કે એને તમે ગમે તેટલી પ્રસિદ્ધિથી ભરો તો પણ એ ખાડો પૂરાય તેમ નથી.

હવે તો નવ કલાક વીતી ગયા હતા. એણે છેલ્લી ચીઠ્ઠી ખોલી ત્યારે એમાં લખેલું : Write your worries on the sand" આ રેતી, આ દરિયાના કિનારા ઉપર તારી બધી ચિંતાઓ તું લખી નાખ. જોઇએ, તારી ચિંતાઓ કેટલી છે ?

હવે આર્થર આનંદમાં મસ્ત થઇ પડયો હતો. એણે નક્કી કર્યું કે જે થવાનું હોય તે થાય. આજે જે સમય મળ્યો છે તે તો શાન્તિથી વિતાવવો. એને કોઇ ટાઇ કે સૂટ પહેરવાનાં નહોતાં. એને ઊઠવાનું પણ મન ન થયું. એને પોતાના ઉપર હસવું આવ્યું. કાલની તો મને ખબર નથી અને વીશ વર્ષ પછી શું કરવું તેનું પ્લાનિંગ મેં કર્યું છે!

પડયો પડયો જ લખવા લાગ્યો. પાંચ-સાત ચિંતાઓ યાદ કરીને રેતી ઉપર લખી એટલામાં તો ભરતી ચાલુ થઇ ગઈ હતી, પાણી આવી રહ્યાં હતાં.

પાણીને આવતાં જોઈ આર્થર ઊઠયો. ઊભો થયો ત્યાં તો એક જોરદાર મોજું આવ્યું અને એણે જે લખ્યું હતું તે ધોવાઈ ગયું.

આર્થરે જોયું અને બોલી ઊઠયો : મેં લખ્યું હતું તે કયાં ગયું ? કોઈ બોલ્યું: ધોવાઇ ગયું.

રેતી ઉપર લખવા જેવી મારી ચિંતાઓ છે. જે ચિંતાઓને કાળ ધોઈ નાખવાનો છે એને માટે હું શાને ધોવાઈ જાઉં !

આર્થર એકદમ ઊભો થઇ ગયો અને સંકલ્પપૂર્વક બોલ્યો કે મારે કોઇ ચિંતા જ નથી. જેને કાળ ધોઈ નાખવાનો એની મારે શા માટે ચિંતા કરવી ?

એનું મસ્ત ઉન્નત હતું. ચિંતાથી મુકત બની, પ્રસન્નતા અનુભવતો એ ઘર તરફ વળ્યો. જૂનો આર્થર ખરી ગયો, નવા આર્થરે જન્મ લીધો.

આર્થર હવે નવમાનવ હતો, નવજીવનનો પ્રકાશ મળ્યો હતો, પ્રજ્ઞાનું અજવાળું લઇને આવ્યો હતો.

ઘરે આવ્યો, પત્ની સાથે મીઠાશથી વાત કરી, નાનાં નાનાં બાળકોને હેતથી બોલાવી ભેટી પડયો.

સ્વજનો પ્રત્યે એની આંખમાં મમતા નહિ પણ નિર્મળ પ્રેમ વહી રહ્યો હતો, આંખમાં આસકિત નહિ પણ સૌન્દર્યનું દર્શન હતું.

એના બહારના વૈભવની સાથે આંતરવૈભવનું લગ્ન થયું. એના જીવનને નવું જ દર્શન મળ્યું. આજ સુધી એના આયુષ્યને વર્ષો ખાતાં હતાં હવે એનું જીવન વર્ષોને ખાવા લાગ્યું.

સંપૂર્ણ

વિનયયુક્ત વિદ્યા જ સાચી વિદ્યા છે. જે વિદ્યાથી વિનમ્રતા ન આવે, તે વિદ્યા શા કામની? અને એ વિનય વિહોણી વિદ્યાને અવિદ્યા કહીએ તો શું ખોટું ?

–"સૌરભ"માંથી

Learning bedecked with modesty is alone true learning. What is the use of that learning that does not engender humility ? And nothing would be lost, if learning divorced from humility were to be dubbed as sheer obscurantism.

from : **Lotus Bloom**
by : **Chitrabhanu**

★

With Best Compliments from

P. L. BAGRI & Co.,

METAL MERCHANTS & COMMISSION AGENTS

36, 2nd BHOIWADA,
BOMBAY – 2

Tel : 33 47 58

[અનુસંધાન કવર પેજ ૨ થી ચાલુ]

ઉપર ન જમાવશો. એમ ન કહો કે આ દેરાસર કાઠિયાવાડીઓનું છે અને આ ગુજરાતીઓનું, આ કચ્છીઓનું અને આ મારવાડીઓનું. આમ કરવામાં ધર્મ જ કયાં છે ?

આરાધનાનાં બારણાં બધાં માટે ખુલ્લાં છે. ધર્મ તો ખમાવવામાં, હૈયામાં પરિવર્તન લાવવામાં અને ચિત્તને શુદ્ધ કરવામાં છે.

પક્ષ પડાવવા જેવું અધમ પાપ એકે નથી. કલહનાં બીજ વાવ્યાં તેનું પાપ તો જીવની સાથે પરંપરામાં ભવોભવ આવે.

એમ ન કહેશો કે આ ભગવાન મારા છે. કહેવું જ હોય તો એમ કહો કે હું ભગવાનનો છું. ભગવાન તમારા કેમ થઈ શકે? લાયકાત કેળવો તો તમે ભગવાનના થઈ શકો.

ભગવાનના સેવક બનવા માટે અંતરમાં રહેલા અહંને ગાળવો પડશે.

ખમતખામણાના દિવસે આંસુ વડે, પ્રેમ વડે, મૈત્રી વડે, વેરના મેલને ધોઈને, જે અંતરને ચોખ્ખું કરે છે તેનું જ જૈનત્વ ટકી રહે છે, તે જ સાચો જૈન છે.

જેમ સ્ટેશન ઉપરના પ્રતીક્ષાગૃહ (waiting room) પ્રવાસીઓ (passengers) માટે ચોખ્ખા રાખવામાં આવે છે એમ આજથી સમજી લો કે આપણી જિંદગી એક પ્રતીક્ષા ગૃહ છે. આપણી આવતા ભવની ગાડી હજુ આવી નથી ત્યાં સુધી આ શરીરરૂપી પ્રતીક્ષા ગૃહ (waiting room)માં બેઠા છીએ. સમય આવશે ત્યારે વાટ જોવાની નથી.

માટે મૈત્રીનો સાવરણો અને ક્ષમાનો સૂંડલો લઈને આ waiting roomને ચોખ્ખો કરવાનો છે.

ખમતખામણાં થયાં, સંવત્સરી પ્રતિક્રમણ થયું, હૈયાં હળવા બન્યાં.

રવિવાર તા. ૬–૯–૭૦ના બપોરે ત્રણ વાગે તપસ્વીઓની અનુમોદના કરતો સુંદર વરઘોડો નીકળ્યો. થાણા ગામની પરિકમ્મા કરીને જ્યારે સહુ પૂ. ગુરુદેવ સાથે મંદિરે આવી પહોંચ્યા ત્યારે તપ અને ત્યાગનો મહિમા અનેકને સમજાયો.

ચિત્તને શુદ્ધ કર્યાનો, સાધર્મિક ભક્તિ કર્યાનો અને સાધનાના પંથે કાંઇક પ્રયાસ અને પ્રવાસ કર્યાનો આનંદ સૌની આંખોમાં તરતો હતો.

કુ. વત્સલા અમીન

શેઠ ત્રિભોવનદાસ જમનાદાસ હાઇસ્કૂલ થાણા

થાણામાં ચાતુર્માસ નિમિત્તે પધારેલા, પૂ. મુનિશ્રી ચિત્રભાનુ મહારાજની પ્રેરક વાણીનો અલભ્ય લાભ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સુલભ બને એ હેતુથી શાળાના આચાર્ય અને સંચાલકોની વિનંતીને માન્ય રાખી શેઠ ત્રિભોવનદાસ જમનાદાસ હાઈસ્કૂલ, થાણાના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ અને શિક્ષકો માટે ત્રણ દિવસનો એક સ્વાધ્યાય 'જ્ઞાન–સત્ર' ઓગસ્ટની તા. ૧૦, ૧૧, ૧૨ સાંજના ૪ થી ૫ સુધી જૈન દહેરાસર હૉલમાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ધો. ૫ થી ૧૧ સુધીના લગભગ એક હજાર બાળકો તથા બાલિકાઓએ અને શિક્ષકોએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પૂ. મુનિશ્રીએ એમને સ્વાધ્યાય, સદ્વર્તન, શિસ્ત તથા ચારિત્ર્યવિકાસ કેળવવા માટે જરુરી ગુણો જીવનમાં અપનાવવા દૃષ્ટાંતો સહિત અનુરોધ કર્યો હતો. સંસ્થા માટે આ એક અનોખો પ્રસંગ લેખાય.

કૃષ્ણપ્રસાદ ઉપાધ્યાય
આચાર્ય

મુદ્રક, પ્રકાશક અને માનાર્હ સંપાદક શ્રી ચંદુલાલ ટી. શાહે, લિપિની પ્રિન્ટરી મુંબઈ નં. ૨ માં છપાવી, ડીવાઈન નોલેજ સોસાયટી (દિવ્ય જ્ઞાન સંઘ) માટે 'ક્વીન્સ વ્યૂ' ૨૮/૩૦, વાલકેશ્વર મુંબઈ નં. ૬ માંથી પ્રગટ કર્યું છે.